BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનનું પ્રસ્તાવિત 2023નું અંદાજપત્ર ભવિષ્યના પાયા નાંખે છે

## *દરખાસ્ત સલામત, તંદુરસ્ત અને વધુ સારી રીતે જોડાયેલ સમુદાયો માટે પ્રોત્સાહન પૂરું પાડે છે, જેમાં અનામત રકમમાં વિક્રમી યોગદાન સમાયેલ છે*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (16 ફેબ્રુઆરી 2023) – સીટી ઓફ઼ બ્રૅમ્પટનનું સૂચિત અંદાજપત્ર 2023 હવે અભિપ્રાય, કલ્પનાઓ અને પ્રતિભાવો માટે ઓનલાઇન ઉપલબ્ધ છે.

પ્રસ્તાવિત બજેટમાં અનેક મહત્ત્વપૂર્ણ બાંધકામ પરિયોજનાઓ અને કમ્યુનિટીની સલામતી અને સુખાકારીની અગ્રિમતાઓ પર ભાર મુકે છે, અને આ બધું કરાશે ફુગાવાના સ્તરથી વેરા દરોને નીચે રાખીને, જે વેરા બિલમાં સિટીનો પ્રસ્તાવિત હિસ્સો 2.9 ટકા છે. બજેટમાં અનામત નીધિ માટે વિક્રમી $134 મિલિયન ફાળવણીનો સમાવેશ છે, અને સાથે જ બીજી હોસ્પિટલ અને એક નવા કેન્સર કેર સેન્ટર સહિત ઐતિહાસિક આરોગ્યસંભાળ રોકાણોનું નિર્માણ અને સમર્થન ચાલુ રાખવામાં આવશે.

સિટીના હાલના પ્રોગ્રામ્સ અને સેવાઓ પહોંચાડવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટકાઉ સ્તરે રાખવા અને ભાવિ વિકાસની તૈયારી કરવા માટે, સિટીની બજેટ સમિતિને 2.9 ટકા મિલકત વેરામા સિટીની સેવાઓ માટે વધારો કરવાની દરખાસ્ત છે. જો મંજૂર થાય તો 2023 મિલકત વેરાના બિલમાં સિટીની સેવાઓ માટે 2.9 ટકા મિલકત વેરાનો વધારો જોવા મળશે, રિજન ઓફ઼ પીલ સેવાઓ માટે 2.8 ટકા અને સ્કૂલના બોર્ડ માટે 0 ટકા દર્શાવશે જેનો સરવાળો 5.7 ટકા થાય છે. સરેરાશ રહેવાસીની મિલકત પર બ્રૅમ્પટન પર કુલ મિલકત વેરાનો વધારો $321 થશે.

પ્રત્યેક વર્ષે, સિટી ઓફ઼ બ્રૅમ્પટનના વાર્ષિક અંદાજપત્ર તેવા લક્ષ્યો, અગ્રિમતાઓ અને પહેલોને સૂચવે છે જે સુનિશ્ચિત કરે છે કે સિટી એવી અગ્રિમતાઓમાં નિવેશ કરે છે જે રહેવાસીઓ માટે અગત્યની છે. તાજેતરની હાથ ધરાયેલ ટેલિ ટાઉન હૉલમાં રહેવાસીઓ દ્વારા સૂચિત કરવામાં આવ્યું કે આરોગ્યસંભાળ, નીચા વેરા, સમુદાયની સલામતી અને મનોરંજન તેમના વેરાના પૈસા માટે મહત્ત્વપૂર્ણ અગ્રિમતાઓ છે.

**પ્રસ્તાવિત 2023 બજેટના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ**

*કમ્યુનિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર*

- મૂડીગત પરિયોજનાઓમાં $492 મિલિયનનું રોકાણ
- ડાઉનટાઉન પુનરુત્થાન માટે ત્રણ વર્ષમાં $21 મિલિયન

*હેલ્થકેર (આરોગ્યસંભાળ)*

- બ્રૅમ્પટન માટે બીજી હોસ્પિટલ અને નવા કેન્સર કેર સેંટરના બાંધકામના સમર્થનમાં હોસ્પિટલ લેવિ ચાલુ રહેશે.

*ટ્રાન્ઝિટ*

- ટ્રાન્ઝિટ સવલતો અને નવા ટ્રાન્ઝિટ સંગ્રજ અને જાળવણીની સવલતના વિદ્યુતિકરણ માટે $210 મિલિયન.
- $15.4 મિલિયન ચિંગકુઝી રોડ કોરિડોર પર ઝૂમ સર્વિસ વિસ્તરણ માટે

*કમ્યુનિટી સલામતી અને કટોકટી સેવાઓ*

- $6,50,000 કરતા વધુ રકમ કમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન માટે
- નવા અગ્નિશમન સાધનો અને વાહનો માટે $8 મિલિયન
- 24 નવા પૂર્ણકાલિક ફાયર ફાઈટરો

*રમતગમત અને રિક્રિએશન રોકાણો*

- નવા સ્પોર્ટ્સ ફિલ્ડના બાંધકામ સહિત હાવડન રિક્રિએશન સેંટર ના પુનઃવિકાસ માટે $24 મિલિયન
- ક્રિકેટ, સોકર, ટેનિસ ફિલ્ડ અને ગોર મેડોઝમાં મકાનોના વિકાસ માટે $9 મિલિયન.

પ્રસ્તાવિત 2023 સિટી ઓફ બ્રૅમ્પટન બજેટ દસ્તાવેજો અહીં મળશે.

**2023 બજેટ પર પોતાના મંતવ્યો આપો**

સિટી જ્યારે સિટી ટેલિફોન ટાઉન હૉલ સભાઓ, વૉર્ડ વિશિષ્ટ કૉફી ચૅટ્સ અને બિઝનેસ રાઉન્ડટેબલની શ્રેણીઓનું આયોજન કરી રહ્યા છે ત્યારે જાહેર જનતાના સભ્યોને આખી બજેટ પ્રક્રિયામાં પ્રવૃત્ત રહેવા આમંત્રિત કરવામાં આવે છે.

મેયર અને  કાઉન્સિલરો જ્યારે 2023ના અંદાજપત્ર માટે કાર્ય કરી રહ્યા છે ત્યારે જેઓ ભાગ લેશે તેમને સમુદાયની અગ્રિમતાઓ અંગે પોતાના વિચારો રજૂ કરવાનો અવસર મળશે, સિટીના કર્મચારીગણને પ્રશ્નો પૂછી શકશે અને પોતાની રજૂઆતો કરી શકશે.

તારીખ સાચવો

- વૉર્ડ કૉફી ચૅટ્સ – 21, 22, 23, અને 24 ફેબ્રુઆરી 2023
- વર્ચુઅલ બિઝનેસ રાઉન્ડટેબલ – 23 ફેબ્રુઆરી 2023 સવારે 8 વાગ્યે
- ટેલિફોન ટાઉન હૉલ #2 – 25 ફેબ્રુઆરી 2023 બપોરે 12 વાગ્યે

Www.brampton.ca/budget પર અને સિટી ઓફ બ્રૅમ્પટનના Twitter, Facebook અને Instagram. પર વધુ વિગતો ઉપલબ્ધ છે.

**બજેટ 2023 સમયસીમા**

ચર્ચાઓ 27 ફેબ્રુઆરી 2023ના રોજ શરૂ થશે અને બજેટ મંજૂરીનું આયોજન 08 માર્ચ 2023ના રોજ છે.

સિટી ઓફ બ્રૅમ્પટનના 2023 બજેટ વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/budget.

સુવાક્યો

"અમે જે કરીએ છીએ તેના અંતરમાં લોકો કેન્દ્રમાં છે, અને આ સૂચિત બજેટ ફક્ત તે જ સાબિત કરે છે. આરોગ્ય સંભાળ અને સમુદાયની સલામતી આપણા સિટીની પ્રગતિના સૌથી મહત્ત્વના સ્તંભ છે. અમે અમારા ન્યાયી હિસ્સાની હિમાયત કરતા રહીશું અને ભવિષ્ય માટે વધુ સલામત અને વધુ નિરોગી શહેર બનાવવાનું ચાલુ રાખીશું. આપણા રોકાણો અનુરૂપ પ્રભાવશાળી વિકાસ સાધી શકાયો છે તે વિદિત છે કારણકે આપણે GTAની 100 વર્ષમાં સહુ પ્રથમ મેડિકલ સ્કૂલ લાવી શક્યા છીએ. પ્રક્રિયામાંથી આગળ વધતા અમારે જાણવું છે કે તમારે માટે શું અગત્યનું છે અને આપણે ભવિષ્યનું બ્રૅમ્પટન કેવી રીતે બનાવી શકીશું - સાથે મળીને."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, પ્રમુખ બજેટ સમિતિ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"શહેરનું અંદાજપત્ર આપણા સમાજ માટે સેવાના જે સ્તર માટે આપણે લાયક છીએ અને આપણા ભવિષ્ય માટે શહેરમાં કેવું રોકાણ કરવું તેની માર્ગદર્શિકા છે. વર્ષો વર્ષ આ સહયોગની પ્રક્રિયાથી અમને રહેવાસીઓના મંતવ્યો જાણવાની અને સમાજની જરૂરિયાતો સંતોષવાની તક સાંપડે છે. સાથે મળી કાર્ય કરતા કરતા આગળ જોતા અને એક સંપ ધરાવતા સમાજ તરીકે આરોગ્ય સંભાળ અને આબોહવાને લગતા પડકારોનો એકજૂટ થઈને સામનો કરીએ છીએ તેનો મને ગર્વ છે અને હું બ્રૅમ્પટનના લોકોના અભિપ્રાય જાણવા ઉત્સુક છું.

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 અને 5; ઉપ પ્રમુખ, બજેટ સમિતિ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સિટી ઓફ બ્રૅમ્પટનનું 2023નું અંદાજપત્ર સમતોલ અભિગમ અનુસરે છે જેથી અમે એવા દરેક વ્યક્તિને ઉત્તમ સેવા પ્રદાન કરતા રહી શકીએ જેઓ માટે બ્રૅમ્પટન પોતાનું ઘર છે અને જેઓ જવાબદારીભરી રીતે શહેરને વિકસિત કરી રહ્યા છે. જાહેર જનતાના અભિપ્રાય મહત્ત્વપૂર્ણ છે અને અમે આ અંદાજપત્ર સમાજની તે અગ્રિમતાઓ પર ધ્યાન આપી બનાવ્યું છે જે છે આરોગ્ય સંભાળ, સમાજ સુરક્ષા, ઓછા વેરા અને મનોરંજનની સવલતોમાં રોકાણ. હું તમામ લોકોને પોતાના વિચારો રજૂ કરવા પ્રોત્સાહિત કરું છું જ્યારે આપણે નવા વર્ષમાં પદાર્પણ કરી રહ્યા છીએ જ્યાં આપણે ક્ષિતિજ પર અનેક સિદ્દ્ધિઓ જોઇ શકીએ છીએ.

- *માર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ

કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca